


# સારે ગાંવ કી ફિકર

દુબલે કાજી

તેંત્રીસમા માળે ટ્રિપ્લેક્સ ધરાવતા મારા શ્રીમંત મિત્ર એમની અગાસી પર બંધાઇ રહેલા હેલિપેડની ખૂબીઓ મને સમજાવી રહ્યા હતા.

'મ્યુનિસિપાલિટીથી માંડીને ઍર ફોર્સ સુધીના બધા જ લોકોએ પરમિશન આપી દીધી એટલે કામ શરૂ કરી દીધું', મિત્ર બોલ્યા.

'સારું કહેવાય. શુભ કામમાં વળી મુહૂર્ત શેનું જોવાનું', મેં કહ્યું.

'મેં ત્રણ હેલિકોપ્ટરો ખરીદી રાખ્યાં છે. હેલિપેડ બંધાઇ જશે એટલે જર્મનીની કંપની કાર્ગો પ્લેનમાં મુંબઈ ઍરપોર્ટ લઇ આવશે અને સહારથી પછી અહીં', એ બોલ્યા.

'ત્રણ-ત્રણ હેલિકોપ્ટર્સની શું જરૂર છે? એક પૂરતું નથી?' મેં પૂછ્યું.

'એક હેલિકોપ્ટર તો મારે જ જોઇએ, ઑફિસ જવા આવવા માટે. બીજું મારી વાઇફ માટે. શાકભાજી વગેરે ખરીદવા માટે. યુસી, સેન્ટ્રલ માટુંગામાં તાજાં શાકભાજી સારાં મળે છે એટલે દીધાં છે. ત્યાં એમની પાસે પોતપોતાનાં હેલિકોપ્ટર્સ છે'.

'તો ત્રીજાનું તમારે શું કામ?'

'અમારા મકાનમાં ડૉગ્સને ગાર્ડનમાં ફેરવવા પર પ્રતિબંધ છે. હવે ડૉગ્સને દિવસમાં ત્રણ વાર એકીપાણી કરાવવા તો લઇ જવા પડે. દરેક વખતે લિફ્ટમાં નીચે ઉતારો, ગાડીમાં બેસાડો, પછી હૅન્ગિંગ ગાર્ડન સુધી લઇ જાઓ...'

'એના કરતાં હેલિકોપ્ટર સારું, કૂતરાઓનો સમય બચે, તમારામાં ખૂબ દીર્ઘદૃષ્ટિ છે', મેં કહ્યું.

'બીજું શું છે કે આજકાલ રાજકારણીઓને પણ સમયની ખૂબ તંગી રહે છે. મીરા રોડમાં સવારે દીકરીનાં લગ્ન હોય અને બપોરે નરીમાન પોઇન્ટ પર વિધાનપરિષદની ઉમેદવારીનું ફોર્મ ભરવાનું હોય. ત્યારે કૂતરાઓવાળું હેલિકોપ્ટર એમને આપી શકાય', એમણે કહ્યું.

મેં પૂછ્યું, 'મીરા રોડથી મહાલક્ષ્મી રેસકોર્સ પર હેલિકોપ્ટરમાં આવીને પછી

મોકૂફ

ુજબ જ
થ મુંડેનું
મહારાષ્ટ્ર
ણી જોર
ની કોર
મહારાષ્ટ્ર
તાવડેના
ઠક બાદ
ના નવા
વશે. હું
કરનારી
ટણીમાં ■

કલાકે,
.૨૦
વહેલી
.૩૦
૮મી
સઈથી
લાકે,
રારથી
ો ૨૬
અને
વિરાર ■

# માથેરાનના વધુ વિકાસ માટે સુવિધાઓનો થશે વરસાદ

મુંબઈઃ પર્યટકોનું ધામ ગણાતા માથેરાનને હવે અદ્યતન સુવિધાયુક્ત પર્યટન સ્થળના રૂપમાં નવા વાઘાં પહેરાવવામાં આવશે અને તેના માટે રાજ્યના પર્યટન વિભાગ દ્વારા વિવિધ સ્તરે વિવિધ પગલાં લેવામાં આવી રહ્યાં છે. પ્રાદેશિક પર્યટન યોજના અંતર્ગત વિવિધ પોઈન્ટને જોડતા પોર્ચરોડ, પેનોરમા પોઈન્ટનું સુશોભિકરણ, પાયરા પોઈન્ટનો વિકાસ અને દસ્તુરી નાકા પાસે કારપાર્કિંગ વિકસાવવા માટે પોણાસાત કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. રોપવેના કામને સરકારે મંજૂરી આપી હોઈ તેના બેઝ કેમ્પ સુધીના રસ્તાના કામ માટે સરકાર જરૂરી એવી મદદ કરશે. સાર્વજનિક બાંધકામ વિભાગ દ્વારા માથેરાન-નેરળથી કળંબ, માથેરાન-નેરળથી ભિવપુરી અને માથેરાન-નેરળથી કશેળે સ્ટેશન સુધી રસ્તાનું કામ તુરંત હાથ ધરવામાં આવ્યું હોઈ તે માટે રૂ. ૭ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી હતી. માથેરાનમાં પર્યટકોને આકર્ષવા માટે રાત્રીના અંધારામાં લેઝર શોનું આયોજન કરવામાં માટે નગરપાલિકાએ માગણી કરી હતી. આ બાબતે પ્રસ્તાવ મળતાની સાથે રાજ્ય સરકાર અને એમટીડીસી તેનું આયોજન કરશે. ■



# હિણી બની વ્હિસલ બ્લોઅર